REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. XXXXI] FRIDAY, 28TH JANUARY, 2000/ MAGHA 8, 1921 [No. 4**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.**

**PART-II** **EXTRAORDINARY**

## સુરત મહાનગરપાલિકા

## <u>નગર રચના યોજના, સુરત નં.૩૮ (નાના –વરાછા) નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત</u>

## અ ધિ સુ ચ ન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની કલમ–૪૨(૧) અને અધિનિયમના નિયમો–૧૯૭૯ના નિયમ–૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

ઉત્તરે : તાપી નદી.

દક્ષિણે : મોજે સીમાડાનો સીમાડો

પૂર્વે : મોજે સરથાણાનો સીમાડો

પશ્ચિમે : ડ્રાફ્ટ ટી. પી. સ્કીમ નં. ૨૦ (નાના વરાછા)

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિત સંબંધ ધરાવનાર વ્યકિતઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજયપત્રમાં ઉપરોકત અધિસૂચનની પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યકિત આ યોજનાના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે, તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

(ગુરૂ પ્રસાદ મહાપાત્ર)
કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

સુરત.
તાઃ૨૭-૦૧-૨૦૦૦

<u>નગર રચના યોજના, સુરત નં.૩૯ (ઉધના–લીંબાયત) નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત</u>

**અધિસુચન**

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોકત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ની કલમ–૪૨(૧) અને અધિનિયમના નિયમો–૧૯૭૯ના નિયમ–૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

ઉત્તરે : મુસદ્દારૂપ નગર રચના યોજના,સુરત નં. ૩૩ (ડુંભાલ)ની હદ

દક્ષિણે : સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના,સુરત નં. ૪૦ (લીંબાયત–ડીંડોલી)ની હદ

પૂર્વે : સુરત મહાનગરપાલિકાની હદ તથા મોજે પરવટગામની હદ

પશ્ચિમે : નગર રચના યોજના,સુરત નં. ૭ (આંજણા) તેમજ ઉધના રેલ્વે યાર્ડની હદ

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિત સંબંધ ધરાવનાર વ્યકિતઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજયપત્રમાં ઉપરોકત અધિસૂચનની પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યકિત આ યોજનાના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે, તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

(ગુરૂ પ્રસાદ મહાપાત્ર)
કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

સુરત.
તાઃ ૨૭-૦૧-૨૦૦૦